# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૯/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## લોકડાઉન તેમજ ત્યારબાદ ઇન્ડસ્ટ્રીના ભવિષ્યના પ્લાનીંગ માટે ચેમ્બરે દક્ષિણ ગુજરાતના તમામ એસોસિએશનોના પ્રતિનિધિઓ સાથે વિડિયો કોન્ફરન્સ થકી મિટીંગ કરી સૂચનો મેળવ્યાં

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા કોરોનાને કારણે લોકડાઉન દરમિયાન ઇન્ડસ્ટ્રી માટે ઉભા થયેલા વિવિધ પ્રશ્નોની રોજેરોજ રજૂઆત કરવામાં આવી રહી છે. હાલ લોકડાઉન લંબાવવામાં આવ્યું છે પરંતુ લોકડાઉન ખુલ્યા બાદ ઇન્ડસ્ટ્રી માટે જે મુશ્કેલી ઉભી થશે તેના નિરાકરણ માટે તેમજ ભવિષ્યના પ્લાનીગ માટે સૂચનો મેળવવા આજરોજ સવારે ૧૧:૦૦ કલાકે તમામ ઇન્ડસ્ટ્રીના એસોસિએશનો સાથે વિડિયો કોન્ફરન્સ થકી મિટીગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇ, ઉપપ્રમુખશ્રી દિનેશ નાવડીયા, તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી હેતલ મહેતા, માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારી, માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇ, ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ, ચેમ્બરના રિપ્રેઝન્ટેશન સેલના હેડ શ્રી હેમંત દેસાઇ તથા સુરત, નવસારી, વાપી, વલસાડ અને ઉમરગામ મળી દક્ષિણ ગુજરાતના તમામ એસોસિએશનોના પ્રતિનિધીઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, પ્રવર્તમાન સમયમાં બધી જ ઇન્ડસ્ટ્રી માટે સર્વાઇવ થવા મુશ્કેલી ઉભી થઇ છે અને તેઓને વિવિધ પ્રશ્નો સતાવી રહયાં છે. ચેમ્બરે અગાઉ પણ ટેક્ષટાઇલ માટે લીકવીડિટી, બેંક ઇન્ટરેસ્ટ અને ઇએમઆઇ માટે મોરેટોરિયમ વિગેરે મહત્વના પ્રશ્નોની રજૂઆત કરી હોવાનુ જણાવી બધા એસોસિએશનના પ્રતિનિધીઓને તેઓના પ્રશ્નો તથા તેની સાથે સૂચનો આપવા માટે અનુરોધ કર્યો હતો. જેમાં ચેમ્બરને ઘણા પ્રશ્નો અને નવા સૂચનો મળ્યા હતા.

- ઇન્ડસ્ટ્રીને ૨૦ એપ્રિલથી ચાલુ કરવા માટે સરકાર તરફથી ગાઇડલાઇન બહાર પાડી છે પણ એના માટે જે નોર્મ્સ બનાવવામાં આવ્યા છે તેનું પાલન કરવાનુ ઇન્ડસ્ટ્રી માટે ખૂબ જ અઘરુ બનશે. આથી નોર્મ્સમાં સરળીકરણ લાવવા માટે સૂચન કરવામાં આવ્યુ હતુ.
- રેડઝોન ખુલશે તે સમયથી મોરેટોરિયમ આપવા માટે રજૂઆત કરવામાં આવે.
- બેંકો દ્વારા ઇએમઆઇના ત્રણ મહિનાના મોરેટોરિયમને બદલે છેક ૩૧મી માર્ચ ૨૦૨૧ સુધી એટલે કે એક વર્ષ માટે રાહત આપવામાં આવે.
- લઘુ ઉદ્યોગો સર્વાઇવ કરી શકે તેના માટે બેંકોને ૨૦ ટકા સુધીનું એડીશનલ વર્કીંગ કેપીટલ ઇન્ક્રીઝ કરવા માટેની રજૂઆત કરવામાં આવે.
- આઠથી બાર ટકાનું બેંક ઇન્ટરેસ્ટ લાગે છે તેને ઘટાડીને ૪ ટકા સુધી કરવામાં આવે તેમજ લોકડાઉન પિરિયડ દરમિયાન બેંકના લોન તેમજ સીસી ઉપરના વ્યાજમાંથી પૂર્ણપણે મુકિત આપવામાં આવે.
- સબસિડીની સામે કારખાનેદારો પાસે બેંક ગેરંટી માંગવામાં આવે છે તે ગેરવ્યાજબી હોવાથી તેની જોગવાઇમાં ફેરબદલ કરવા માટે રજૂઆત કરવામાં આવે તેમ સુચન કરવામાં આવ્યુ હતુ.
- વેપારીઓની સબસિડી પેન્ડીગ છે તેને રિલીઝ કરી દેવી જોઇએ.
- ઇન્પુટ ટેક્ષ ક્રેડીટના રીફંડ માટે સરકારશ્રી દ્વારા સુપ્રિમ કોર્ટમાં કરવામાં આવેલી અપિલને પરત ખેંચી વેપારીઓને રીફંડ આપવામાં આવે.
- ઉદ્યોગોની શું હાલત છે તેનાથી વાકેફ થવા માટે ટેક્ષટાઇલ કમિશનરની ઓફિસના અધિકારીઓને સુરતમાં ગ્રાઉન્ડ પરિસ્થિતિનો અભ્યાસ કરવા માટે મોકલવામાં આવે.
- ઉદ્યોગકારો દ્વારા કામદારોની જે સેલરી આપવાની થાય છે તે મિનિમમ વેજીસ મુજબ આપવાની છે કે આખી સેલરી આપવાની છે તે અંગે સ્પષ્ટ નોટીફિકેશન સરકારશ્રી તરફથી બહાર પાડવામાં આવે.
- કામદારો માટે ઉદ્યોગકારો અનાજની કીટની વ્યવસ્થા કરી રહી છે, પરંતુ કર્મચારીઓના બેંક એકાઉન્ટમાં સરકાર જ પગાર જમા કરાવે તેવુ પણ સૂચન કરવામાં આવ્યુ હતુ.
- ડાયમંડ અને જવેલરી ઇન્ડસ્ટ્રીને રિવાઇવ થવા માટે એક વર્ષ જેટલો સમય લાગી જશે. આથી આ ઇન્ડસ્ટ્રી માટે સરકાશ્રીએ આર્થિક પેકેજ આપવું જોઇએ. ખાસ કરીને રત્નકલાકારો માટે સ્પેશિયલ પેકેજ સરકાર તરફથી જાહેર કરવામાં આવે.
- સરકારે ડોકટરો સહિતના મેડીકલ સ્ટાફ માટે વીમાની જાહેરાત કરી છે પણ એલપીજીના સિલિન્ડર ઘરોઘર સુધી પહોંચાડનારા ડિલીવરીમેન માટે પણ વીમાની જોગવાઇ કરવામાં આવે.
- સોલાર ઇન્ડસ્ટ્રીમાં પ્રોજેકટ પૂર્ણ કરવાની ડેડલાઇનને સબસિડી મેળવવા માટે લંબાવવામાં આવે તેમજ પ્રોજેકટ માટેની સબસિડીની રકમ વેપારીઓને આપવામાં આવે.
- ઓટોમોબાઇલના મોટા શોરૂમના ભાડા લોકડાઉન પિરિયડ દરમિયાન ફરજિયાતપણે માફ કરવામાં આવે તેવો આદેશ આપવામાં આવે.
- ઓનલાઇન સ્વીગી અને ઝોમેટો માટે રજિસ્ટર્ડ રેસ્ટોરેન્ટને શરૂ કરવા માટે મનપા અને પોલીસ દ્વારા પરમીશન આપવામાં આવે.
- ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીમાં સેલ્ફ એમ્પ્લોઇડને જ પરમીશન આપી છે. આથી ડિલરશિપ અને વર્કશોપ ચાલુ કરવા માટે પણ મંજૂરી આપવામાં આવે.
- જીએસટી પ્રોસિજરને સામાન્ય કરવામાં આવે તેમજ એક્ષપોર્ટ માટે ઇન્સેન્ટીવ આપવામાં આવે.
- ભારત માટે યુરોપિયન કન્ટ્રીમાં સહાનુભૂતિ ઉભી થઇ છે ત્યારે મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજજો મેળવવા માટે પ્રયાસ કરવામાં આવે.

- કન્સ્ટ્રકશન ઇન્ડસ્ટ્રીને રેરાના કાયદામાં એક્ષટેન્શન આપવામાં આવે. સાથે જ પેનલ્ટીમાં માફી મળવી જોઇએ તેમજ ઇન્કમ ટેક્ષમાં પણ મોરેટોરિયમ પિરિયડ રાખવામાં આવે. કન્સ્ટ્રકશનના વર્કરોને સરકાર દ્વારા મહિને રૂપિયા બે હજારની સહાય આપવામાં આવે.
- સેલ્સ એન્ડ સર્વિસ ડિલર માટે ગાઇડલાઇન સ્પષ્ટ કરવામાં આવે.
- ટ્રાન્સપોર્ટરોના ટ્રકો અને ટેમ્પાઓ દેશના વિવિધ શહેરોમાં જશે તો ડ્રાઇવરો અને લેબરોના આરોગ્ય સામે જોખમ ઉભું થશે. આથી ડ્રાઇવરો અને લેબરો માટે પેકેજની જાહેરાત કરવામાં આવે. રસ્તામાં હેરાનગતિ ન થાય તે માટે પાસ અને પરમીશન આપવામાં આવે.
- નાના દુકાનદારોને પોતાના વ્યવસાય ટકાવવા માટે વગર વ્યાજની લોન મળવી જોઇએ.
- ટેમ્પોચાલકોને છ મહિના સુધી રોડ ટેક્ષ ભરવામાંથી મુકિત આપવામાં આવે તેમજ ડ્રાઇવરો માટે અનાજની કીટનું વિતરણ કરવામાં આવે.
- કોવિડ ૧૯ને પણ હવે ઇન્સ્યુરન્સ કવરેજમાં આવરી લેવા બધી ઇન્સ્યુરન્સ કંપનીઓને આદેશ આપવામાં આવે.
- ઓથોરાઇઝ્ડ સર્વિસ સેકટરના કર્મચારીઓની વિવિધ સર્વિસ આપવા જવા માટે મંજૂરી આપવામાં આવે.
- મંડપવાળાઓને પાર્ટીપ્લોટમાંથી સામાન ખસેડવા માટેની પરમીશન આપવામાં આવે. ટુરીસ્ટ ઉદ્યોગ માટે પણ રાહત આપવી જોઇએ.

મોટાભાગે તમામ ઇન્ડસ્ટ્રીના પ્રતિનિધીઓ તરફથી સૂચનો મળ્યા બાદ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, ચેમ્બરને મળેલા સૂચનોમાં સરકાર બધા જ ક્ષેત્ર માટે રાહત પેકેજ જાહેર કરશે તો જ ઇન્ડસ્ટ્રી બચી શકશે તેવો બધાનો એકસૂર જોવા મળ્યો હતો. આથી સરકારે બધા જ પાસાઓનો વિચાર કરવો જોઇએ અને અત્યારની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીએ તો મોટાપાયે રાહત પેકેજ જાહેર કરવુ જોઇએ તેમ લાગી રહયું છે. આથી ચેમ્બરે તમામ ઇન્ડસ્ટ્રીના મહત્વના પ્રશ્નો અંગે સરકારશ્રીને રજૂઆત કરવાનું નકકી કર્યુ હતુ.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ જણાવ્યુ હતુ કે, દરેક સેકટરને કોઇને કોઇ સમસ્યા ઉભી થઇ છે ત્યારે આ સમસ્યામાંથી ઇન્ડસ્ટ્રીને બહાર કાઢવા માટે ચેમ્બરના પ્લેટફોર્મ પરથી રજૂઆત કરવામાં આવશે તેમ કહી તેમણે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ મિટીગ બરખાસ્ત થઇ હતી.